ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૮ ટકા

# શહેરમાં ઠંડા પાણીની પરબોના ઉપયોગમાં વધારો

## ગરમી વધતા ઠંડા પાણીની પરબોમાં પાણીના જગનો વપરાશ વધ્યો

ગાંધીનગર, તા.૨૯

શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી આકાશમાંથી થઈ રહેલી અગનવર્ષાથી શહેરીજનો ત્રાહીમામ પોકારી રહ્યા છે ત્યારે ગાંધીનગરમાં ઘણી બધી જગ્યાએ ઠંડા પાણીની પરબો મુકવામાં આવી છે. જેમાં ઠંડા પાણીના જગની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ગાંધીનગરમાં સૌથી વધારે પથિકાશ્રમમાં ઠંડા પાણીની પરબોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત માટલાની પરબો પણ ઘણી જગ્યાએ જોવા મળે છે. માટલાને કુદરતી ફ્રીજ તરીકે ઓળખવામાં આવે છે ત્યારે શહેરમાં રહેલા આ માટલાની પરબનો પણ રાહદારીઓ દ્વારા ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિરના પાછળના વિસ્તારમાં લીલા હોટલની સામે જ ત્રણથી ચાર માટલાની પરબ મુકવામાં આવી છે. શહેરમાં ૪૪ ડિગ્રીએ ગરમીનો પારો પહોંચી જતા શહેરના માર્ગો ઉકળી ઉઠયા છે. રાહદારીઓ ગરમી સામે રક્ષણ મેળવવા છાશ, આઈસ્ક્રીમ, લસ્સી, લીંબુ શરબત, ઠંડુ પાણી, બરફગોળા, સહિતની ઠંડી વસ્તુઓનો ઉપયોગ કરી રહ્યા છે. શહેરીજનોને સરળતાથી ઠંડુ પાણી મળી રહે તે માટે ઠેર ઠેર પાણીની પરબો મુકાતા રાહદારીઓ આ ઠંડા પાણી દ્વારા રાહતનો શ્વાસ મેળવી રહ્યા છે. ઘણા નાગરિકો ફ્રીઝનું ઠંડુ પાણી પીવાનો આગ્રહ રાખતા નથી તેવા નાગરિકો માટે આ માટલાની પરબો લાભદાયી રહે છે.









શહેરમાં ઘરે ઘરે ફ્રીઝની વ્યવસ્થાઓ હોય છે. જયારે શહેરમાં રહેતા મજૂરવર્ગના માણસો આ કાળઝાળ ગરમીમાં માટલાના પાણીથી પોતાની તરસ છીપાવે છે તેવામાં શહેરમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ઠંડા પાણીની પરબોની વ્યવસ્થાઓ કરવામાં આવી છે જેનો દરેક વ્યકિતઓ લાભ લઈ રહ્યા છે. તરસ્યાને પાણી પીવડાવવું એ મોટું પુણ્યનું કાર્ય ગણાય છે.

કાળઝાળ ગરમીમાં ધોમધોકાર તડકામાં ફરીને આવતા કોઈ પણ વ્યકિતને જયારે ઠંડુ પાણી પીવા મળે ત્યારે હાશ થાય છે તે જ રીતે આ પાણીની પરબોમાં ઠંડુ પાણી પીધા બાદ દરેક વ્યકિત હાશકારો અનુભવી રહ્યો છે. મોંઘવારીમાં પાણીની બોટલો ખરીદવામાં ફાંફાં પડતા ગરીબવર્ગના માણસોને નિઃશુલ્ક પાણીની આ પરબો ખૂબ લાભદાયી નીવડી રહી છે. બસ સ્ટેશનમાં અવર જવર કરતા નાગરિકો પાણીની બોટલ ખરીદવાનું ટાળી રહ્યા છે અને આ ઠંડા પાણીની પરબનો ઉપયોગ મોટા પાયે થઈ રહ્યો છે. ઘણા વર્ષોથી ઉનાળામાં ઠંડા પાણીની પરબોની વ્યવસ્થા માટેની માંગ ઉઠી રહી હતી. શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ ઉનાળાની ગરમીમાં પાણીની પરબો ચાલુ કરીને સુંદર સેવા કાર્ય કરીને પુણ્યનું કાર્ય કરવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



પરમ હિતેન ભટ્ટ
મો. ૭૦૧૬૫ ૫૪૮૫૫



વિધી હિતેષ રાવલ
મો. ૯૮૨૪૩ ૩૮૦૦૮



આર્ય વિનોદકુમાર શાહ



ધ્વનિષાબા જયપાલસિંહ વાઘેલા



અપૂર્વ આયર્ન

# બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા પરશુરામની શોભાયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ગાંધીનગર (રાજયકક્ષા) દ્વારા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, રાજય કક્ષાનાં સહયોગથી ૨મેએ ભગવાન પરશુરામની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળશે. આ શોભાયાત્રાને ધર્મભકિતને રાષ્ટ્રભકિત સાથે અન્ય સમાજ બ્રહ્મસમાજ સુત્ર સાથે જોડી શોભાયાત્રાને નગરની ઐતિહાસિક શોભાયાત્રા બનાવવામાં આવી છે.

નગરનાં પ્રખ્યાત વિદ્વાન વકીલ, સ્પે. પી.પી. અને સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)નાં મુખ્ય સંગઠક ડૉ. અશ્વિનભાઈ વી. ત્રિવેદી, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, ગાંધીનગર (રાજયકક્ષા)ના પ્રમુખ સુનીલભાઈ ત્રિવેદી, મહિલા પાંખના પ્રમુખ છાયા કે. ત્રિવેદી, યુવા પાંખના પ્રમુખ મૌલિક દિક્ષીત અને શોભાયાત્રાના મુખ્ય કન્વીનર હિમાંશુ ભચેચની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર તા. ૩-૫-૨૨ મંગળવારે ભગવાન પરશુરામ જયંતિ નિમિત્તે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજનાં સહયોગથી નગરમાં ઐતિહાસિક અને ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રાને થીમ બેઈઝ 'સ્થાપના થી વિકાસ' સુધી સૂત્ર આપવામાં આવ્યું છે. નગરની સર્વપ્રથમ ઈંટ જયાં મુકાઈ તે જીઈબી, ગાંધીનગરથી શરૂ થઈ ઘ માર્ગો ઉપર નગરનાં આજનાં નવા સેકટરોનાં રોડ ઉપર ફરશે અને સરગાસણ થી કુડાસણમાં યાત્રાનું સમાપન થશે.

નગરની આ સર્વપ્રથમ શોભાયાત્રા કે જેમાં 'ધર્મભકિત સાથે રાષ્ટ્રભકિત' પણ જોડાશે. ભવ્યાતિભવ્ય શોભાયાત્રા સાથે સૌથી લાંબો વિશાળ ૧૧૦૦ ફૂટનો રાષ્ટ્રધ્વજ પણ જોડાશે. જે એક રેકોર્ડ હોઈ વિખ્યાત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન દ્વારા નોંધ લેવાઈ છે અને શોભાયાત્રામાં સામેલ થનાર વિશાળ રાષ્ટ્રધ્વજથી ઐતિહાસિક ભવ્યાતિભવ્ય શોભાયાત્રાને રેકોર્ડ ગણી વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન દ્વારા વર્લ્ડ રેકોર્ડનું રાત્રે ૭.૩૦ કલાક સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા ટાગોર હોલ, અમદાવાદ ખાતે યોજાનાર ભવ્ય ડાયરાનાં કાર્યક્રમમાં મુખ્યમંત્રીના વરદહસ્તે સર્ટીફીકેટ એનાયત થશે. સવારે ૮.૦૦ કલાકે જીઈબી, ગાંધીનગરથી શરૂ થનાર આ ભવ્યાતિભવ્ય શોભાયાત્રામાં ડીજે, અંગકસરત અને કરાટેની ટીમ, રાસ ગરબાની ટીમ, ૧૦૦ બાઈકસવાર, ૧૦૦ જેટલી ગાડીઓ તે ઉપરાંત નગરની વિવિધ સંસ્થાઓ, પ્રજાપતિ બ્રહ્માકુમારી, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, સ્વામિનારાયણ સંપ્રદાય, પાટીદાર સમાજ, ઉમિયાધામ, નગરના યુવા સંગઠનો જોડાશે. ઘ માર્ગ ઉપર પસાર થનાર આ ભવ્ય શોભાયાત્રાનું વિવિધસ્થાનો ઉપર રાજય સરકારનાં વિવિધ મંત્રીઓ, નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ, નગરનાં આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે. નગરનું ઘરેણું બનવા જઈ રહેલી વર્લ્ડ રેકોર્ડ આ ભવ્યાતિભવ્ય શોભાયાત્રા અને ભગવાન પરશુરામજીનાં દર્શનનો લ્હાવો લેવા ગાંધીનગરનાં તમામ નગરજનોનેશ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, ગાંધીનગર અને શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજય કક્ષા) દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


# અરવિંદ કેન્દ્ર ખાતે માતૃવંદના કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૯

શ્રી મહર્ષિ અરવિંદની જન્મ જયંતીના ઉપલક્ષ્યમાં ૨૪ એપ્રિલ ૨૦૨૨ શ્રી માતાજીના પોંડિચેરીમાં સ્થાયી આગમન દિવસના રોજ શ્રી અરવિંદ કેન્દ્ર, સેકટર ૨૩, ગાંધીનગર ખાતે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુભાઈ પંડ્યાના પ્રમુખ સ્થાને માતૃવંદના કાર્યક્રમ અને આ પ્રસંગે સુશ્રી જ્યોતિબેન થાનકી લિખિત,'સ્વાતંત્ર્ય સંગ્રામના પથ્ સર્જક શ્રી અરવિંદ' પુસ્તકનું વિમોચન શ્રી માતૃ ચરણે અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. શ્રી વિષ્ણુ પંડ્યા, મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અને સુશ્રી જ્યોતિબેન થાનકી પ્રસંગોચિત વકતવ્ય આપી સૌ શ્રોતાગણ સાધકોને મંત્રમુગ્ધ કર્યા હતા. પ્રસંગને અનુરૂપ પારુલ મહેતાએ કાર્યક્રમનું સુચારુ સંચાલન કર્યું હતું. પ્રસંગની શરૂઆત તબલાવાદક અરવિંદભાઈ, હાર્મોનિયમ વાદક દિવ્યા પારેખ, ગાયક હર્ષા દાફડા અને પારુલ મહેતા દ્વારા માતૃ પ્રાર્થનાથી પ્રારંભ થયો. માનનીય ચેરમેન ડૉ. સી. કે. તન્નાના ભગીરથ પ્રયાસથી માતાજીના આગમનનો દિવસ શુભ બની રહ્યો. કેન્દ્રના ટ્રસ્ટી ગણ અને સાધકોના કુટુંબ સાથે શ્રી માતાજીનું આગમન દિવસ ઉજવણી સાંજના પ્રસાદ સાથે સૌને યાદગાર બની રહી હતી.

# ઈન્ડિયન લાયન્સ ગાંધીનગર દ્વારા મેરેથોન દોડ યોજવા અંગે મીટીંગ મળી







ગાંધીનગર, તા.૨૯

ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ ગાંધીનગર દ્વારા ચીફ પેટર્ન હિતેશ પંડ્યાની અધ્યક્ષતામાં મળી હતી. આ મીટીંગમાં પ્રોજેકટ મેનેજર રાજીવ ગુપ્તાજી આંતરરાષ્ટ્રીય રમતવીર દ્વારા મેરેથોન કાર્યક્રમના રૂટ નક્કી કરી કાર્યક્રમ સફળ બનાવવા માટે અલગ અલગ સમિતિઓ ની રચના કરવામાં આવી હતી. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રન ફોર સ્વર્ણિમ ગાંધીનગર અને ફિટ ઈન્ડિયા અંતર્ગત આ કાર્યક્રમ દાંડી મહાત્મા ગાંધી મંદિર પાસે યોજવામાં આવશે. અહીંથી રન ફોર સ્વર્ણિમ ગાંધીનગર મેરેથોન દોડનું પ્રસ્થાન થશે.

દશ કિલો મીટર વાવૉલ સર્કલ થઈ પથિકાશ્રમ થઈ ઘ-૫ થઈ દાંડી પરત આવશે. આ અંગે રજિસ્ટ્રેશનની લિંક મિડિયામાં ઑન લાઈન ઉપલેબધ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ઈંડિયન લાયન ડૉ ગુલાબચંદ પટેલ કાર્યકારી પ્રમુખ, મહેન્દ્ર સિંહ સોલંકી સેક્રેટરી, મહેન્દ્ર ભાઈ ચૌહાણ ડિરેક્ટર, સંજીવ યાદવ ખચાનચી, કૂંપલબેન દવે પૂર્વ પ્રમુખ ઈંડિયન લાયન્સ, ભરતભાઈ દેસાઈ મંગળ સિંહ સોલંકી ઉપ પ્રમુખ, નિમેષ ચૌહાણ, ઉષા બેન ચૌહાણ, સંદિપભાઈ, અસ્મિતાબેન, સરોજબેન દવે, પ્રકાશભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા માટે દરેક સભ્યે પોતાનું સૂચન રજૂ કર્યું હતું.

## સેક્ટર-૨-સી ખાતે ભજનનું આયોજન

આવતીકાલે ૩૦ એપ્રિલને શનિવારે બપોરે ૩થી ૫ રાજેન્દ્ર પારેખના માતૃશ્રીની ૨૭ મી પુણ્યતિથી નિમિત્તે તેમજ તેમના બાપુજીની તિથિ પ્રમાણે ઘર નં-૭૭૧/૧, સેકટર નં-૨/સી ખાતે મહિલાઓના ભજન રાખવામાં આવેલ છે. તો ભકતજનોને લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

## ગ્રીનસીટી રીયલ્ટર્સ વેલ્ફેર એસોસીએશન દ્વારા બ્લડ કેમ્પ યોજાશે

ગાંધીનગર રિયલ્ટર્સ (રિયલ એસ્ટેટ બ્રોકર) વેલ્ફેર એસોસીએશન દ્વારા થેલેસેમીયા મેજર બાળકો માટે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન આગામી તા. ૧લીમેના રોજ સવારે ૯ વાગે હોટલ પ્રોમિનન્ટ, સરદાર ચોક, કુડાસણ ખાતે કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં જોડાઈ વધુને વધુ બ્લડ ડોનેશન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ૩૦મી એપ્રિલે સાંજે યોજાશે 'લોકસંગીતની સરવાણી'

ગાંધીનગર, તા.૨૯

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે એક વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણાથી, ગુજરાત સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ એટલે કે ૩૦મી એપ્રિલને શનિવારે સાંજે ૭.૩૦ કલાકે "લોકસંગીતની સરવાણી" નામે લોકડાયરો યોજાશે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ દ્વારા ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સહયોગથી આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેના અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ જયારે અતિથિવિશેષ તરીકે સૌરાષ્ટ્ર



યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડૉ. ગિરીશ ભીમાણી ઉપસ્થિત રહેશે. રાજ્યના જાણીતા લોકકલાકાર શ્રી અભેસિંહ રાઠોડ તેમના કલાવૃંદ સાથે લોકસંગીતની સરવાણી રેલાવીને શ્રોતાઓને સાહિત્યરસમાં તરબોળ કરશે, તેમ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ભાવેશ જેઠવા જણાવે છે. ગાંધીનગરના સાહિત્ય-સંગીતરસિકોને આ લોકડાયરાનો લાભ લેવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ તથા શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માનનીય નિયામક શ્રી પ્રો. જે.એમ. ચંદ્રવાડિયા દ્વારા જાહેર આમંત્રણ પાઠવાયું છે.

## જલારામ મહિલા મંડળ દ્વારા સેવાકાર્ય





ગાંધીનગર, તા.૨૯

જલારામ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા ઉનાળા દરમિયાન દર વર્ષે સેવાના કર્યો કરવામાં આવે છે. આ વર્ષે પણ સે-૩૦ની સરકારી શાળાના બાળકોને સ્લીપર વિતરણ તથા સે-૬માં શ્રમિકો ને છાશ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. પ્રમુખ મીતલબેન રાણા તથા મંત્રી ઉષાબેનની સાથે મંડળની બહેનોએ હાજર રહીને સહકાર આપ્યો હતો. લગભગ ૨૫૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. દંતાણી ગજીબેન વિસાભાઈ, ઉ.વ. ૮૦, સે-૨૮, છાપરાં
- સ્વ. ગુરખા રાજેશભાઈ દલબહાદુરસિંહ, ઉ.વ. ૩૮, સે-૧૭
- સ્વ. ડાભી કનુજી સોમાજી, ઉ.વ. ૬૧, પેથાપુર

# અસહ્ય ગરમીથી રાહત મેળવવા માટે સ્વિમિંગ પુલ તરફ ધસારો

## સ્વિમિંગ પુલ અને વૉટરપાર્કમાં શહેરીજનોની વધતી સંખ્યાથી ભીડ





ગાંધીનગર, તા.૨૯

ઉનાળાની ગરમીમાં સ્વિમિંગ પુલ તરફ શહેરીજનોનો ધસારો વધ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં સ્વિમિંગ પુલમાં છબછબિયાં કરવાનું કોને ના ગમે... શહેરમાં આવેલા સ્વિમિંગ પુલમાં ભીડ જોવા મળી રહી છે. આ સાથે શહેરમાં સ્વિમિંગ શીખવા માટે પણ શહેરીજનોનો ધસારો નોંધાયો છે.

ગાંધીનગરમાં સેકટર-૨૧ ખાતે સ્વિમિંગ પુલમાં ડૂબકી મારતા નગરજનો જોવા મળી રહ્યા છે. અસહ્ય ગરમીથી રાહત મેળવવા માટે ગાંધીનગરમાં સ્વિમિંગ પુલમાં પણ નગરજનોની સંખ્યા વધી રહી છે. ગરમી વધી રહી હોવાથી નગરજનો સ્વિમિંગ પુલમાં અને વોટરપાર્કમાં કલાકો ગાળતા જોવા મળી રહ્યા છે. ઉનાળામાં આ બંને વસ્તુઓનો ક્રેઝ બાળકોથી લઈને વડીલો સુધી દરેકમાં જોવા મળી રહ્યો છે. ઉનાળામાં શરીરને ઠંડક આપવા માટે પાણીથી શ્રેષ્ઠ બીજું કાંઈ નથી. આવી સ્થિતિમાં મોટાભાગના નાગરિકો સ્વિમિંગ પુલ અથવા વોટર પાર્કમાં કલાકો પસાર કરવાનું પસંદ કરે છે જેથી શરીરને ઠંડક મળે અને મનને પણ શાંતિ મળે.

ગાંધીનગરમાં સાંઈ સેકટર-૧૫ ખાતે સ્વિમિંગ પુલ બંધ હોવાથી શહેરીજનો સેકટર-૨૧માં સ્વિમિંગની મજા માણી રહ્યા છે. આ ઉપરાંત ઉનાળાનું વેકેશન હોવાથી બાળકો પણ વિવિધ એકિટવીટી માટે સે-૨૧ના જીમખાનામાં ફોર્મ ભરીને એકિટિવીટીમાં જોડાઈ રહ્યા છે. સ્વિમિંગ સ્પર્ધાઓમાં કોમ્પિટીશન વધી રહી છે તેવામાં શહેરીજનો પોતાના બાળકને સ્વિમિંગ શીખવવાનું પસંદ કરી રહ્યા છે.

સતત બે વર્ષ કોરોના મહામારીના કપરાકાળમાં નગરજનોને સ્વિમિંગ પુલનો લ્હાવો માણવા મળ્યો નહોતો. કોરોના વખતે તમામ સ્વિમિંગ પુલ બંધ થઈ ગયા હતા જે આ વર્ષે કોરોનાની ગતિ ધીમી પડતા નગરજનોએ સ્વિમિંગ પુલમાં છબછબીયાં લગાવ્યા છે.